# ટેક્નોલોજી અને વિજ્ઞાનક્ષેત્રની તકો પર ઇડીઆઇનું સંશોધન

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં નવી દિલ્હી ખાતે વાણિજ્ય ભવનમાં બે રિસર્ચ સ્ટડીઝ રિલિઝ કર્યાં હતાં. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના પોલીસી રિસર્ચ સેલ અંતર્ગત ઈન્સ્ટિટ્યુટ ખાતે સેન્ટર ફોર પોલીસી રિસર્ચ ઈન સાયન્સ એન્ડ ટેક્નોલોજી એન્ટરપ્રેનિયરશીપ દ્વારા બન્ને અભ્યાસ હાથ ધરાયા હતાં. કેન્દ્રિય સાયન્સ એન્ડ ટેક્નોલોજી એન્ડ અર્થ સાયન્સના મંત્રી ડો. હર્ષ વર્ધન દ્વારા બંને અભ્યાસ ખુલ્લા મુકાયા હતા.

ભુતપૂર્વ ફેકલ્ટી બી.પી. મુરલી અને ઈડીઆઈઆઈના એસોસિયેટ સિનિયર ટ્રેનર એસ.બી. સરીન દ્વારા તૈયાર થયેલા અભ્યાસ- 'ઈફેક્ટિવનેસ, એફિકસી એન્ડ સસ્ટેનિબિલિટી ઓફ ઈનક્યુબેટર્સ ઈન ઈન્ડિયા એન્ડ બેન્ચમાર્કિંગ ધેમ વીથ ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ ઈન ઈનક્યુબેશન સ્પેસ'માં ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે સર્જાતી સમસ્યાઓ પર ભાર મુકાયો છે.